**<u>વલસાડના મે.ચીફ જ્યુ.મેજી.સાહેબ ની કોર્ટ માં, મું વલસાડ</u>**

**ફોજદારી કેસ નંબર :- ૫૪૭૭/૨૦૨૫**

**આંક:-**

**ફરીયાદી : શ્રી સરકાર**

**વિરૂધ્ધ**

**આરોપી : ચંન્દ્રકાંત અરવિંદભાઈ પટેલ**

**ગુન્હો <u>: પ્રોહી એકટની કલમ ૬૬(૧) બી મુજબ</u>**

**<u>-- :: હુકમ ::-</u>**

૧. હાલના આરોપી ઉપર ફરીયાદ તેમજ ચાર્જશીટમાં જણાવ્યા મુજબ ના ગુન્હાનો આક્ષેપ છે.

૨. હાલના ગુન્હા ના કામે આરોપી પોતાના ઉપર મુકવામાં આવેલ ગુન્હાના તહોમતનો સ્વીકાર કરી લોક અદાલત માં સ્વેચ્છાએ ગુન્હાની કબુલાત આપી અલગ થી કબુલાત પુરશીસ રજુ રાખેલ છે. જેથી ગુન્હાની ગંભીરતા તેમજ સજાની જોગવાઈઓ ધ્યાને લેતાં, હાલ ના ગુન્હાના કામે આરોપી દ્રારા મુકવામાં આવેલ ગુન્હાની કબુલાત માન્ય રાખી લોક અદાલતમાં ગુન્હાની કબુલાત આપતા હોય ઓછો દંડ તેમજ સજા કરવાનું યોગ્ય, ઉચિત અને ન્યાયોચિત જણાઈ આવતુ હોય નીચે મુજબ નો આખરી હુકમ કરવામાં આવે છે.

**-::: આખરી હુકમ :::-**

**આરોપીને ધી ભારતીય નાગરીક સુરક્ષા સંહિતા, ૨૦૨૩ ની કલમ:-૨૭૫ (જુની ફોજદારી કાર્યરીતી સંહિતા, ૧૯૭૩ ની કલમ - ૨૫૨) મુજબ તક્સીરવાન ઠરાવી પ્રોહી એકટની કલમ ૬૬(૧) બી મુજબના શિક્ષાપાત્ર ગુન્હા અન્વયે કોર્ટ ઉઠતા સુધીની સજા તેમજ રૂપિયા ૧૦૦/- નો દંડ ભરવાનો હુકમ કરવામાં આવે છે અને જો આરોપી દંડ ની રકમ ભરવામાં કસુર કરે તો દિન : ૦૭ ની સાદી કેદની સજા કરવાનો હુકમ કરવામાં આવે છે. જો મુદ્દામાલ હોય તો તેનો અપીલ સમય બાદ નિયમઅનુસાર નિકાલ કરવો અને વાહન નો વચગાળાનો જો હુકમ થયેલ હોય તો તે આથી કાયમી રાખવાનો હુકમ કરવામાં આવે છે તેમજ વાહન છોડતા સમય ની તમામ શરતો આથી રદ્દ કરવાનો હુકમ કરવામાં આવે છે.**

(જયેશ અરૂણભાઈ દવે)

તા.૧૩.૦૯.૨૦૨૫

ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ.

વલસાડ.

(જીજે-૦૦૭૧૨)